

# સ્પોટર્સ અપડેટ

## સચિન હજુ મેચ વિનરની ઇમેજ મેળવી શક્યો નથી

**નવી દિલ્હી,**
માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરના નામ પર ક્રિકેટમાં અનેક રેકોર્ડ છે. તેના નામ ઉપર કેટલા રેકોર્ડ છે તે અંગે સચિનને પણ યાદ નથી. સચિન ક્રિકેટ જગતમાં રેકોર્ડ તેંડુલકરના નામથી પણ ઓળખાય છે. ૧૯૭ ટેસ્ટ મેચ અને ૪૬૩ વન-ડે મેચમાં રમી ચૂકેલા સચિનના મનમાં પણ કેટલીક એવી બાબત છે જે હાંસલ નહીં કરવાની સચિનને સતત ચિંતા રહે છે. ૨૩ વર્ષથી વધુ સમયથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સક્રિય રહેલા સચિને ટેસ્ટમાં ૧૫૮૦૪ રન બનાવ્યા છે. બીજા બાજુ વન-ડેમાં સચિને ૧૮૪૨૬ રન બનાવ્યા છે. આ આંકડાઓ પોતાની વાર્તા પોતાની રીતે રજૂ કરે છે. એમ લાગે છે કે આ રન સચિન એકલાના નહીં બલ્કે સમગ્ર ટીમના છે. વન-ડેમાં પ્રથમ બેવડી સદી ફટકારનાર સચિન અંગે પણ કેટલીક એવી બાબત છે જે તેના માટે નિરાશાજનક રહી છે.

સચિન પણ કેટલીક સિદ્ધિઓ એવી છે જે મેળવવામાં સફળતા હાંસલ કરી નથી. ૧૯૭ ટેસ્ટ મેચ રમ્યા બાદ પણ સચિન તેંડુલકરના નામ ઉપર કોઈ ત્રેવડી સદી નથી જે સચિનને પોતાના અને તેના ચાહકો માટે એક નિરાશાજનક બાબત છે. સૌથી વધારે સદી અને રનના રેકોર્ડ બાદ પણ સચિનના ખાતામાં ટેસ્ટ ક્રિકેટમાં એક પણ ત્રેવડી સદી ન રહેવાની બાબત તેને ચિંતામાં મૂકે છે. સચિન તેંડુલકર બેવડી સદી ફટકારવામાં સફળ રહ્યો છે પરંતુ ત્રેવડી સદીની નજીક પહોંચી શક્યો નથી. સચિને બે વર્લ્ડકપ ફાઈનલ રમ્યા છે પરંતુ ભારત માટે કોઈ ખાસ યોગદાન આપી શક્યો નથી. વર્લ્ડકપ ૨૦૦૩ની ફાઈનલમાં સચિન માત્ર ચાર રન બનાવી પહેલી જ ઓવરમાં આઉટ થઈ ગયો હતો જ્યારે વર્લ્ડકપ ૨૦૧૧ની ફાઈનલમાં સચિન માત્ર ૧૮ રન બનાવી આઉટ થયો હતો. અલબત્ત ભારતે વર્લ્ડકપ જીતી લેવામાં સફળતા મેળવી હતી. આ બે નિરાશા પણ સચિન માટે તેની મહાનતાને અસર કરે છે.

સચિન તેંડુલકર ક્યારેય પણ ટેસ્ટ ક્રિકેટમાં કોઈપણ બોલરને સતત ત્રણ ચોગા ફટકારી શક્યો નથી. જો કે ૨૦૦૭માં મોહાલીમાં પાકિસ્તાનના ઝડપી બોલર ઉમર ગુલની બોલિંગમાં સતત ત્રણ ચોગ્ગા સચિને ફટકાર્યા હતા. માસ્ટર બ્લાસ્ટર માટે અન્ય ઘણી બાબતો પણ એવી છે જે તેના ચાહકોને પણ ધ્યાન નથી. સચિન કેપ્ટન તરીકે પણ વધારે સફળ સાબિત થયો નથી. કેપ્ટન તરીકેની બે તક સચિનને આપવામાં આવી હતી. ૧૯૯૬માં ટાઈટન કપ જીતવા ઉપરાંત સચિન કોઈ સફળતા મેળવી શક્યો નથી. વર્ષ ૧૯૯૭માં બાર્બાડોસ ટેસ્ટમાં ભારતીય ટીમ સચિનના નેતૃત્વમાં ૧૨૦ રનના લક્ષ્યાંકનો પણ પીછો કરી શકી ન હતી. સચિનના આ આંકડા ભારે ચર્ચાસ્પદ રહ્યા છે અને તેના ચાહકોમાં પણ આને લઈને ચર્ચા રહી છે.

માસ્ટર બ્લાસ્ટરે ભારતીય ક્રિકેટને અભૂતપૂર્વ યોગદાન આપ્યું છે. અનેક મેચો ભારત તેની શાનદાર ઈનિંગ્સના કારણે જીત્યું છે છતાં સચિનના ટીકાકારો માને છે કે જીતના કિનારે સુધી પહોંચાડવાની તાકાત સચિનમાં નથી. સચિન તેંડુલકર મેચ વિનરની ઈમેજ હજુ પણ બનાવી શક્યો નથી.

### ક્યાં નિરાશા મળી ?

**નવી દિલ્હી,**
માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૨૩ વર્ષ ગાળ્યા છે પરંતુ તે મેચ વિનર તરીકેની ઈમેજ ઊભી કરી શક્યો નથી. કયા કયા ક્ષેત્રોમાં તેને નિરાશા હાથ લાગી છે તે આંકડા નીચે મુજબ છે.

- કેપ્ટન તરીકે સચિન તેંડુલકર એક માત્ર ટાઈટન કપ સિવાય કોઈ મોટી સફળતા મેળવી શક્યો નથી
- ભારતનું નેતૃત્વ કરવા સચિન તેંડુલકરને બે તક અપાઈ હતી
- માસ્ટર બ્લાસ્ટર ટેસ્ટ ક્રિકેટમાં ૨૩ વર્ષથી રમી રહ્યો હોવા છતાં કોઈ ત્રેવડી સદી કરી શક્યો નથી
- ભારતીય ક્રિકેટને અભૂતપૂર્વ યોગદાન આપ્યું હોવા છતાં બે વર્લ્ડકપની ફાઈનલમાં સચિને ટીમ માટે કોઈ યોગદાન આપ્યું નથી
- માસ્ટર બ્લાસ્ટર સચિન ટેસ્ટ ક્રિકેટમાં કોઈપણ એક ઓવરમાં ત્રણ ચોગ્ગા સતત ફટકારી શક્યો નથી
- સચિન તેંડુલકરની લાંબી કેરિયર હોવા છતાં સચિન ઘણા મોરચે અસફળ રહ્યો છે
- સચિને ૧૯૭ ટેસ્ટ અને ૪૬૩ વન-ડે મેચ રમી છે

**મેચ એકલા હાથે જીતાડી દેવાની તાકાત સચિનમાં નહીં હોવાનો તેના ટીકાકારોનો મત : ટેસ્ટમાં ત્રેવડી સદી નથી**

## સચિન અને ધોનીની ક્લબમાં સામેલ

## હવે વિરાટ કોહલીની વાર્ષિક આવક ૧૦૦ કરોડથી વધુ છે

**નવી દિલ્હી,**
મેદાન પર સતત શાનદાર દેખાવના કારણે ભારતીય ક્રિકેટ ટીમના આધારસ્તંભ તરીકે બની ગયેલા વિરાટ કોહલીની લોકપ્રિયતા દિનપ્રતિદિન વધી રહી છે. આ સ્ટાઈલીંસ્ટ બેટસમેનની કમાણી પણ હવે અતિ ઝડપથી વધી રહી છે. યુવાનો, મહિલાઓ અને બાળકો વચ્ચે ખૂબ જ લોકપ્રિય થયેલા કોહલી અનેક બ્રાન્ડના વિશ્વસનીય એમ્બેસેડર બની ગયો છે. કોહલી હવે ૧૦૦ કરોડની ક્લબમાં જોડાઈ ગયો છે. આ રીતે કોહલીનું નામ સચિન તેંડુલકર અને મહેન્દ્રસિંહ ધોનીની સાથે જોડાઈ ગયું છે. મેદાન ઉપર સતત સારા ફોર્મના કારણે ૨૪ વર્ષના કોહલીને હવે કોઈ નવા બ્રાન્ડના પ્રચાર માટે ત્રણ કરોડથી વધુની રકમ મળવા લાગી છે. છેલ્લા ૧૨ મહિનામાં જ કોઈપણ બ્રાન્ડના પ્રચાર માટે કોહલીને બે ગણી રકમ મળી રહી છે. જાણકાર નિષ્ણાંતોનું કહેવું છે કે આ વર્ષની શરૂઆતમાં જ જુદી જુદી બ્રાન્ડના પ્રચારથી કોહલીને થનારી વાર્ષિક આવક ૧૦૦ કરોડના આંકડાને પાર કરી ગઈ છે. આ રીતે કોહલી સચિન અને ધોનીની સાથે બ્રાન્ડ પ્રચારકો માટે ૧૦૦ કરોડની ક્લબમાં સામેલ થઈ ગયો છે.

કોહલી પાસે હાલમાં સિન્થોલ ડીઓ, ગોદરેજ પ્રોડક્ટ અને નેસ્લે ઈન્ડિયા મંચના બ્રાન્ડ એમ્બેસેડર બનવા માટે કરાર છે. ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડક્ટ લિમિટેડના કારોબારી નાયબ અધ્યક્ષ સુનિલ કટારીયાએ કહ્યું છે કે કોહલી સાથે કરાર કરવા માટે કેટલાક કારણ છે. આ પૈકી એક કારણ એ છે કે તે યુવા પેઢીમાં ખૂબ જ લોકપ્રિય છે. કોહલીની પસંદગી બિલકુલ સાચી છે. નેસ્લે ઈન્ડિયા દ્વારા આવા જ વિચાર વ્યક્ત કરવામાં આવ્યા છે. તાજેતરમાં જ જારી કરવામાં આવેલા આંકડા મુજબ વર્ષ ૨૦૧૨માં જાન્યુઆરીથી ડિસેમ્બર વચ્ચેના ગાળામાં ટેલિવિઝન મિડીયા ઉપર આપવામાં આવતા પ્રચારમાં કોહલીની ભાગીદારી ૨૧ ટકા રહી છે જ્યારે ૨૫ ટકા ભાગીદારી સાથે સચિન તેંડુલકર પ્રથમ સ્થાને રહ્યો છે. ૧૫ ટકા ભાગીદારી સાથે ધોની ત્રીજા સ્થાને રહ્યો છે.

### કોહલીની લોકપ્રિયતા

- મેદાન પર વિરાટ કોહલીની લોકપ્રિયતા સતત વધી
- યુવાઓ, મહિલાઓ અને બાળકો વચ્ચે વધુ લોકપ્રિય
- સતત સારા પ્રદર્શનથી મોટી કંપનીઓ વિરાટ તરફ ખેંચાઈ
- ૨૪ વર્ષીય કોહલી એક એડ માટે ત્રણ કરોડથી વધુની રકમ મેળવે છે
- છેલ્લા ૧૨ મહિનામાં કોઈ બ્રાન્ડના પ્રચાર માટે કોહલીની આવક બે ગણી થઈ
- ૧૦૦ કરોડની વાર્ષિક આવક થઈ છે
- કોહલી સચિન અને ધોનીની સાથે ૧૦૦ કરોડની ક્લબમાં જોડાયો
- આવનાર દિવસોમાં લોકપ્રિયતા અનેકગણી વધશે
- ટીવી ઉપર આવતી જાહેરાતોમાં કોહલીની હિસ્સેદારી ૨૧ ટકા રહી
- કેપ્ટન ધોનીને એડની ભાગીદારી મામલે પછડાટ આપી

## બેકહામ વિશ્વનો સૌથી મોંઘો ફૂટબોલ ખેલાડી તરીકે રહ્યો

**પેરિસ,**
વિશ્વમાં ફૂટબોલની રમત સૌથી લોકપ્રિય છે. ફૂટબોલમાં સૌથી વધુ કમાણી કરનારની યાદીમાં ફરી એકવાર બ્રિટનને ખેલાડી ડેવીડ બેકહામ પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. વિશ્વ ફૂટબોલમાં તે સૌથી જંગી કમાણી કરનાર ખેલાડી તરીકે આવ્યો છે.

ફ્રાન્સ ફૂટબોલ મેગેઝિન દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં આ મુજબની વિગત સપાટી ઉપર આવી છે. પોતાની રમતની કેરિયરના અંત નજીક પહોંચેલા ડેવિડ બેકહામની આવક અભૂતપૂર્વ છે. તે લિયોનેલ મેસ્સી અને ક્રિસ્ટીયાનો રોનાલ્ડો કરતા પણ આગળ રહ્યો છે.

ફ્રાન્સ ફૂટબોલ રિપોર્ટમાં જણાવાયું છે કે બેકહામની આવક વર્ષ ૨૦૧૨-૧૩માં ૩૬ મિલિયન યુરો રહેશે. આની સાથે જ તે ચાર વખતના બેલોન વિજેતા અને વિશ્વના સૌથી લોકપ્રિય ખેલાડી મેસ્સી કરતા પણ આગળ છે. ડિસેમ્બર મહિનામાં લોસએન્જેલસ ગેલેકસીને છોડી દેનાર બેકહામની વાર્ષિક કમાણી ૧.૭ મિલિયન યુરોની આસપાસ છે જેમાં બોનસ અને અન્ય આવકનો સમાવેશ થાય છે. જેમાં જાહેરાતનો પણ સમાવેશ થાય છે. વિશ્વના સૌથી લોકપ્રિય ફૂટબોલ કેલાડીઓની વાત કરવામાં આવે તો સ્પેનના ફર્નાન્ડો ટોરેસનો પણ સમાવેશ થાય છે.

# ઇરાક યુદ્ધને ૧૦ વર્ષ છતાં રક્તપાતનો દોર હજુ જારી

**૨૦ માર્ચ ૨૦૦૩ના દિવસે બુશે ઇરાકમાં યુદ્ધનો આદેશ કર્યો હતો : ૨૦૧૧માં છેલ્લા અમેરિકી સૈનિકો ખસી ગયા**

**બગદાદ,**
ઈરાક યુદ્ધને ૧૦ વર્ષ પૂરા થઈ ચૂક્યા છે ત્યારે તેની અસર હજુ પણ અકબંધ રહી છે. ઈરાક યુદ્ધના કારણે અભૂતપૂર્વ નુકસાન માત્ર ઈરાકને જ થયું નથી બલ્કે અમેરિકા સહિતના દેશોને પણ માઠી અસર થઈ છે. ઈરાક યુદ્ધની ૧૦મી વર્ષીના દિવસે આ ગાળાની ખતરનાક યાદો તાજી થઈ ગઈ છે. ૨૦મી માર્ચ ૨૦૦૩ના દિવસે અમેરિકાએ ઈરાકમાં યુદ્ધ શરૂ કરી દીધું હતું. સદ્દામ હુસૈન સરકારને ઉથલાવી દેવાના હેતુસર આ યુદ્ધની શરૂઆત થઈ હતી. ઈરાક યુદ્ધ લાંબાગાળા સુધી ચાલ્યું હતું. ઈરાક યુદ્ધના કારણે ઘણા દેશોને ભારે નુકસાન ઉઠાવવી પડી છે. ૧૬મી માર્ચ ૨૦૦૩ના દિવસે અમેરિકી સરકારે સંયુક્ત રાષ્ટ્રના નિરીક્ષકોને ઈરાક છોડી દેવાની સલાહ આપી હતી અને આગલા દિવસે તત્કાલીન અમેરિકી પ્રમુખ જ્યોર્જ બુશે સદ્દામ હુસૈન અને તેમના પુત્રોને ઘસી જવાની માંગ કરીને ૪૮ કલાકનું અલ્ટિમેટમ આપ્યું હતું.

૨૦મી માર્ચના દિવસો અમેરિકાના નેતૃત્વમાં ગઠબંધનદળોએ યુદ્ધની જાહેરાત કર્યા વગર ઈરાક સામે લશ્કરી કાર્યવાહી શરૂ કરી દીધી હતી. એક પછી એક સદ્દામ હુસૈનના ગઢ ઉપર અંકુશ મેળવી લેવામાં આવ્યો હતો. આખરે સદ્દામ હુસૈનને પકડી પાડવામાં પણ સફળતા મળી હતી. તેમની સામે ઈરાકી કોર્ટમાં ખતલો ચલાવવામાં આવ્યો હતો અને નવી ઈરાકી સરકાર દ્વારા સદ્દામને ફાંસી આપવામાં આવી હતી. ૨૦૦૫માં ઈરાકમાં સ્વતંત્ર ચૂંટણી યોજાઈ હતી જેમાં વડાપ્રધાન અલમાલિકીના નેતૃત્વમાં સીયાઓના નેતૃત્વમાં સરકાર બની હતી. સિયા અને સુની સમુદાય વચ્ચે રક્તપાતનો દોર જારી રહ્યો છે. ૨૦૦૯માં અમેરિકાના નવા પ્રમુખ બરાક ઓબામાએ ઈરાકમાંથી ખસી જવાની જાહેરાત કરી હતી. ૧લી સપ્ટેમ્બર ૨૦૧૦ના દિવસે અમેરિકન સૈનિકો ખસવાની શરૂઆત થઈ હતી. બદલામાં ઈરાકી સૈનિકોને તાલિમ અપાઈ હતી. ૨૧મી ઓક્ટોબર ૨૦૧૧ના દિવસે પ્રમુખ ઓબામાએ જાહેરાત કરી હતી કે અમેરિકાના સૈનિકો અને ટ્રેનરો વર્ષના અંતે ઈરાકમાંથી નીકળી જશે.

આની સાથે જ ઈરાકમાં અમેરિકી મિશનના અંતની શરૂઆત થઈ હતી. ૧૫મી ડિસેમ્બર ૨૦૧૧ના દિવસે અમેરિકાના સરંક્ષણ સચિવ લિયોન પેનેટાએ ઈરાક યુદ્ધ સત્તાવાર રીતે સમાપ્ત થયાની જાહેરાત કરી હતી. છેલ્લા અમેરિકી સૈનિકો ૧૮મી ડિસેમ્બર ૨૦૧૧ના દિવસે ઈરાકમાંથી રવાના થઈ ગયા હતા. ઈરાક યુદ્ધ લડવા પાછળ અમેરિકાએ કેટલાક કારણો આપ્યા હતા. સામુહિક વિનાશના હથિયારો ઈરાક પાસે રહેલા છે તેવા આધાર ઉપર આ લડાઈ શરૂ થઈ હતી. અમેરિકાના નેતૃત્વમાં ગઠબંધન સૈનાએ આ યુદ્ધમાં ૪૮૦૪ સૈનિકો ગુમાવ્યા હતા જ્યારે ૨૦૦૬-૦૭ દરમિયાન ઈરાકને નષ્ટ કરી દેનાર યુદ્ધ સંબંધિત હિંસાઓના બનાવમાં ૧૨૨૦૦૦ લોકોના મોત થયા હતા. ઉપરાંત આ દશકમાં ૩૯૯૦૦ જેટલા લોકોના મોત થયા હતા જેમાં ગઠબંધન સૈનાના જવાનોનો સમાવેશ થાય છે જેથી ઈરાકમાં કુલ મોતનો આંકડો ૧૭૪૦૦૦ સુધી પહોંચ્યો છે. આ આંકડો ઈરાક બોડીકાઉન્ટ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે જે લંડન સ્થિત સ્વૈચ્છિક સંસ્થા છે. ઈરાકમાં યુદ્ધ પૂર્ણ થયા બાદ પણ રક્તપાતનો સિલસિલો અટક્યો નથી. આજે પણ ઈરાકમાં હિંસાનો દોર ચાલી રહ્યો છે. જુદી જુદી સંસ્થાઓએ ઈરાક અંગેના આંકડા જારી કર્યા હતા જે વિરોધાભાષી છે. આઈબીસીના આંકડામાં જણાવાયું છે કે ૫૮૦૦૦ લોકોના મોત ૧૦ વર્ષમાં થયા છે.

## ઉત્તર પ્રદેશમાં ટ્રક ઝુંપડપટ્ટીમાં ઘૂસી જતા આઠ બાળકોના મોત

**અન્ય અનેક લોકોને ઇજા : મૃતકોમાં ૫ બહેનોનો સમાવેશ : સ્થાનિક લોકો દ્વારા હિંસક પ્રદર્શન : પોલીસ દ્વારા તપાસ**

**લખનૌ,**
ઉત્તર પ્રદેશમાં આજે એક ટ્રક ઝુંપડપટ્ટીમાં ઘૂસી જતાં આઠ માસૂમ બાળકોના કરુણ મોત થઈ ગયા હતા. લખનૌઉથી ૩૩૫ કિલોમીટરના સ્થિત અલીગઢમાં બાયપાસ નજીક નાગલા પટવાલી ખાતે ઝડપથી પસાર થતી એક ટ્રકે કાબૂ ગુમાવતા આ ટ્રક નજીકમાં આવેલી ઝુંપડપટ્ટીમાં ઘૂસી ગઈ હતી જેથી આઠ માસૂમ બાળકોના મોત થઈ ગયા હતા અને ડઝનથી વધુ લોકો ઘાયલ થઈ ગયા હતા. ઈંટો ભરેલી આ ટ્રક ઝડપથી પસાર થઈ રહી હતી. ડ્રાઈવરે કાબૂ ગુમાવી દેતા આ ટ્રક ગામમાં માર્ગની બાજુએ આવેલી ઝુંપડીઓમાં ઘૂસી ગઈ હતી. મૃતકોમાં પાંચ બહેનોનો પણ સમાવેશ થાય છે.

ભોગ બનેલા લોકોની ઓળખ કરી લેવામાં આવે છે. જેમાં પાંચ મહિનાના ઈમરાન, ત્રણ વર્ષના અકરમ, સાત વર્ષના કોસર, ૧૦ વર્ષની શાબાના, ૫ વર્ષની ખુશ્બુ, ૮ વર્ષની ઝરીના, ૫ વર્ષીય સોહિલ અને ૫ વર્ષની હાજરાનો સમાવેશ થાય છે. બચાવ અને રાહત કામગીરી હાથ ધરવામાં વિલંબ થયા બાદ લોકો નારાજ થયા હતા. તોફાની લોકો હિંસા ઉપર ઉતરી આવ્યા હતા અને ભારે દેખાવો કરવામાં આવ્યા હતા. નારાજ થયેલા લોકોએ આક્ષેપ કર્યો હતો કે ઘણી વખત માર્ગને વ્યવસ્થિત કરવા માટે રજૂઆત કરવામાં આવી છે પરંતુ ધ્યાન આપવામાં આવ્યું નથી. અકસ્માતના કારણે ટ્રક ડ્રાઈવરને પણ ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તો પૈકીમાં કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી છે. તોફાની લોકોએ કલાકો સુધી આ માર્ગ ઉપર નાકાબંધી કરી હતી. માર્ગને વ્યવસ્થીત કરવા માટે સત્તાવારાઓની બેદરકારી સામે દેખાવો કરવામાં આવ્યા હતા. ઉત્તર પ્રદેશમાં આ પ્રકારની ઘટનાઓ વારંવાર બનતી રહે છે. આ ઘટના વધુ એકવાર તંત્રની બેદરકારીને સ્પષ્ટપણે સાબિત કરે છે. પોલીસે કેસ નોંધીને મામલામાં વધુ તપાસ હાથ ધરી છે.

### સેઇલના ડિસઇન્વેસ્ટમેન્ટને લીલીઝંડી મળી ગઇ

**નવી દિલ્હી,**
સરકાર ડિસઈન્વેસ્ટમેન્ટની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે. આંતર પ્રધાન સ્તરની પેનલે આજે સવારે સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (સેઈલ)માં ૧૦.૮૨ ટકા હિસ્સેદારી વેચાણને લીલીઝંડી આપી દીધી હતી. સાથે સાથે એવો નિર્ણય કર્યો હતો કે શુક્રવારના દિવસે ઈશ્યુ માર્કેટમાં આવશે. નાણામંત્રાલય દ્વારા આજે આ મુજબની વાત કરવામાં આવી હતી. એમ પાવર ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સના નેતૃત્વમાં આજે બેઠક મળી હતી જેમાં શેરના વેચાણની કિંમત અંગે નિર્ણય લેવાયો હતો. નાણાંમંત્રી પી. ચિદમ્બરમના નેતૃત્વમાં ડિસઈન્વેસ્ટમેન્ટ અંગે એમ પાવર ગ્રૂપ ઓફ મિનિસ્ટરની મિટીંગ મળી હતી.

## લગ્ન સંબંધિત વિવાદમાં સમાધાનને પ્રોત્સાહન આપવા સુપ્રિમ કોર્ટનું સૂચન

**નવીદિલ્હી,**
સર્વોચ્ચ અદાલતે પોતાના એક ચૂકાદામાં કહ્યુ છે કે મહિલા દ્વારા પોતાના પતિ તથા સાસરિયા વિરૂદ્ધ અત્યાચાર ગુજારવાનો દાખલ કરાવાયેલો ફોઝદારી કેસ એવા સંજોગોમાં રદ કરવો જોઈએ. જો વિવાદે ચડેલા પતિ-પત્ની અદાલત બહાર વિવાદનું સમાધાન કરી લે.

અદાલતે કહ્યુ હતુ કે અદાલતોએ તાજેતરમાં લગ્નોને લગતા વિવાદોના સમાધાનને પ્રોત્સાહન આપવું જોઈએ. ન્યાયમૂર્તિ પી.શતશિવમની અધ્યક્ષતા હેઠળની પીઠે કહ્યુ હતુ કે જો બંન્ને પક્ષો કાયદાની અદાલતમાં વિવાદને ઘસડ્યા વિના પરસ્પર સહમતીથી પોતના કેસનો ઉકેલ લાવે તો, લગ્નજીવનને લગતી બાબતોમાં ન્યાય માટે અદાલતોએ પોતાના વિશેષ ન્યાયક્ષેત્રના અમલીકરણમાં ખુબ ઓછો ખચકાટ અનુભવવો જોઈએ.

ન્યાયમૂર્તિ શતશિવમ ઉપરાંત ન્યાયમૂર્તિ જ.એસ.શેખર તથા ન્યાયમૂર્તિ કુરિયન જોસેફની બનેલી ખંડપીઠે કહ્યુ હતુ કે હાઈકોર્ટોએ લગ્નોને લગતા વિવાદમાં જો બંન્ને પક્ષો અદાલત બહાર કોઈ સમજુતી પર પહોંચી જાય તો તેમણે ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ ૪૮૨ હેઠળ લગ્નને લગતા વિવાદમાં ફોઝદારી કેસોને રદ કરવા તેમને અપાયેલી સત્તાનો ઉપયોગ કરવો જોઈએ. (એનાર)

**વેચવાનું છે.**
**૨૩X૩૬** વિકટર ઓટોમેટિક શીટફેડ પ્રિન્ટીંગ મશીન ટીપ ટોપ કંડીશનમાં
**વેચવાનું છે. સંપર્ક : ૯૪૨૭૬૧૬૭૮૧**

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.
**-જાહેરખબર મેનેજર**

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **પઠાણ મેહરૂન્નીશા જફરૂલ્લાખાન** હતું તે બદલી ને **બલુચ મેહરૂન્નીશા જફરૂલ્લાખાન** રાખેલ છે. સરનામું : ૧૨૨૦/૨/૧, જયોતિ સંગ, રીલીફ રોડ, અમદાવાદ
....8416A

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **પટેલ જતીનભાઈ ગણપતભાઈ** હતું તે બદલી ને **પટેલ જતીનકુમાર ગણપતભાઈ** રાખેલ છે. સરનામું : સી-૬૦, સરસ્વતીપાર્ક, વિભાગ-૨, ખોડીયારનગર પાસે, બાપુનગર, અમદાવાદ
....8421A

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **ભકિતબેન ડાયાલાલ ખોરદીયા** હતું તે બદલી ને **ભાવના સુરેશકુમાર પ્રજાપતિ** રાખેલ છે. સરનામું : ૪૩, મુખીપાર્ક, અમરાઈવાડી, અમદાવાદ-૨૬
....8422A

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **પઠાણ નાસેરાબાનું સલીમખાન** હતું તે બદલી ને **પઠાણ નાસેરાબાનું મોહમદસલીમ** રાખેલ છે. સરનામું : કાજીવાડા, તા.બાલાસીનોર, ખેડા
....8416

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **ખેતાણી લીલીબહેન છગનભાઈ** હતું તે બદલી ને **દોંગા લતાબેન ધીરજલાલ** રાખેલ છે. સરનામું : ૧૨, નંદિ એપાર્ટમેન્ટ, બાપુનગર, અમદાવાદ
....8419

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **સુસીલા લેખરાજમલ ભુરાની** હતું તે બદલી ને **અંજલી સંજીવ બુધાની** રાખેલ છે. સરનામું : ફ્લેટ - ૨૦૨, સોહમ એવન્યું, સરદારનગર, અમદાવાદ
....8420

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **પ્રજાપતિ અરવિંદ રામજીભાઈ** હતું તે બદલી ને **વરીયા અરવિંદ રામજીભાઈ** રાખેલ છે. સરનામું : ૭૧, પારસ બગ્લોજ, નવા નરોડા, અમદાવાદ
....8426

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **સ્મીતાહ જયેશકુમાર રામી** હતું તે બદલી ને **સુમીતરાબેન જયેશભાઈ રામી** રાખેલ છે. સરનામું : સી-૩૧, ધરતી બગલોઝ, મહેસાણા
....8430A

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **છીપા મોહમદભાઈ યુસુફભાઈ** હતું તે બદલી ને **અજમેરવાલા મોહમદશરીફ યુસુફ** રાખેલ છે. સરનામું : ૩૩૮૦, નાડીયાવાડ, સવઈજીની ગલી, અમદાવાદ
....8430

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **કુમાર જીયંદરાય કેસવાની** હતું તે બદલી ને **કેવલકુમાર જીયંદરાય કેસવાની** રાખેલ છે. સરનામું : ૮૦૨, સીરીન એપાર્ટમેન્ટ, પ્રહલાદનગર, અમદાવાદ-૩૮૦૦૧૫
....8429

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **રાવલ નીતાબેન હીરાજીભાઈ** હતું તે બદલી ને **વરીયા નીલમબેન અરવિંદ** રાખેલ છે. સરનામું : ૭૧, પારસ બગ્લોજ, નવા નરોડા, અમદાવાદ
....8426A

**નામ /અટક બદલેલ છે**
મેં મારૂ નામ / અટક **પટેલ રવિન્દ્ર કિરિટકુમાર** હતી તે બદલી ને **માકડીયા રવિ કિરિટકુમાર** રાખેલ છે. સરનામું : એ-૩૦૩, સેકટર-૩, સનસીટી, બોપલ, તા.દસક્રોઈ, જી.અમદાવાદ-૩૮૦૦૫૮
....8425

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **કાળીબેન ધુળાભાઈ પટેલ** હતું તે બદલી ને **કુસુમબેન ભાનુપ્રસાદ બેંકર** રાખેલ છે. સરનામું : એ/૬૫, ગણેશકુંજ સોસાયટી, ઓઢવ, અમદાવાદ
....8431

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **સાધનાણી હરેશ મિરચુમલ** હતું તે બદલી ને **સાજનાની હરેશ મિરચુમલ** રાખેલ છે. સરનામું : એ-૫૦૪, યોગેશ્વર રેસીડેન્સી, કૃષ્ણનગર, અમદાવાદ
....8424

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **વરસડા નિતીનકુમાર હરિસંગ** હતું તે બદલી ને **ગઢવી નિતીનકુમાર હરિસંગ** રાખેલ છે. સરનામું : ૩૨, રણેસર સરી, તા.સાંણદ, અમદાવાદ
....8424A

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **હરેશ હકુમતરાય** હતું તે બદલી ને **હરીશ હકુમતરાય નાનકણી** રાખેલ છે. સરનામું : ૬, શશીન ટેનામેન્ટ, મણીનગર, અમદાવાદ-૮
....8422B

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **શેખ મોસીન રસીદખાજાભાઈ** હતું તે બદલી ને **શેખ મોસીન રસીદભાઈ** રાખેલ છે. સરનામું : ૯૧-૩, હાજીબાવા પાર્ક, સરખેજ રોડ, અમદાવાદ-૫૫
....8423

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **રબારી હિતેશ વાઘજીભાઈ** હતું તે બદલી ને **દેસાઈ હિતેશ વાઘજીભાઈ** રાખેલ છે. સરનામું : એ-૫૮, ક્રિશ્નાપાર્ક સોસાયટી, વિરાટનગર રોડ, ઓઢવ, અમદાવાદ
....8421

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **મીનાક્ષી ઈશ્વરભાઈ જાખણિયા** હતું તે બદલી ને **મીનાબેન તરુણકુમાર પટેલ** રાખેલ છે. સરનામું : બી-૭, રાધિકાપાર્ક, સોસાયટી, અમરાઈવાડી, અમદાવાદ-૨૬
....8422

**અટક બદલેલ છે**
મેં મારી અટક **કોરડિયા ફાલ્ગુન વાઘજીભાઈ** હતી તે બદલી ને **શાહ ફાલ્ગુનભાઈ વાઘજીભાઈ** રાખેલ છે. સરનામું : ૨૦૧, વાસુપુજય II, પ્રીતમનગર અખાડા પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬
....8428

**નામ બદલેલ છે**
મેં મારૂ નામ **ભટ્ટ પરેશ જીતેન્દ્રકુમાર** હતું તે બદલી ને **ભટ્ટ પરેશકુમાર જીતેન્દ્રકુમાર** રાખેલ છે. સરનામું : ૬૨, ન્યુ મહાલક્ષ્મી સોસાયટી, સરકારી ડીસ્પેન્સરી પાસે, વટવાગામ, અમદાવાદ-૩૮૨૪૪૦
....8427

**મેસર્સ ગોયલ સફલ એસ્ટેટ**
સર્વે નં. ૯૩૧, ૯૩૨, ૯૩૩, ૯૩૪/પી, ૯૩૭, ૯૩૮/૧, ૯૩૮/૨, ૯૩૯, ૯૪૦/પી, ૯૪૧, ૯૪૨ અને ૯૪૩, ગામ : ગોરજ, તા. સાણંદ, જી. અમદાવાદ
**ભારત સરકારના સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઈમ્પેક્ટ એસેસમેન્ટ ઓથોરીટી (SEIAA) તરફથી ગામ : ગોરજ, તા. સાણંદ, જી. અમદાવાદ ખાતે 'નિર્વાણા ગ્રીન્સ'ના વિકાસ માટે પર્યાવરણીય પરવાનગી આપતી નોટિસ**
લાગતા વળગતા સર્વેને અને તમામ જનતાને આ નોટિસથી જણાવવામાં આવે છે કે, ગામ : ગોરજ ખાતે 'નિર્વાણા ગ્રીન્સ' ના વિકાસ માટે પર્યાવરણીય પરવાનગી SEIAA તરફથી એમના ૨૨, ફેબ્રુઆરી, ૨૦૧૩ના પરવાનગી પત્ર (No. SEIAA/GUJ/EC/8(a)/14/2013) દ્વારા આપવામાં આવી છે. આ પરવાનગી પત્રની નકલ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની કચેરીમાં ઉપલબ્ધ છે તેમજ SEIAA/SEAC/GPCB ની વેબસાઈટ પર પણ જોઈ શકાય છે.

**જાહેર નોટીસ** — **અરજદારના વકીલશ્રી યોગેશભાઇ પરીખ**
**અમદાવાદના ચીફ મેજી. સાહેબશ્રીની કોર્ટમાં મીરજાપુર, અમદાવાદ (ગ્રામ્ય) રૂમ.નં.૫૧૩, ૫મા માળે, ન્યાય મંદિર, મીરજાપુર**
**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર ૧૧૯૬/૨૦૦૮** (આંક : ૯)
અરજદાર : **દિપકકુમાર રવિશંકર ભટ્ટ,**
રહે. એ/૨, ૧૪ ન્યુ સોહમ પાર્ક વસ્ત્રાપુર, અમદાવાદ.
આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને જણાવવાનું કે મજકુર કામના અરજદાર પોતાના માતાશ્રી નામે **કાન્તાબેન રવિશંકર ભટ્ટ કે જેઓ /તારીખ ૧/૭/૨૦૦૬ ના રોજ ગુજરી ગયેલ હતા.** તેના મરણનું કાયદેસરનું પ્રમાણપત્ર મેળવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે, જો કોઈને કોઈ વાંધો હોય કે તકરાર હોય તો તેણે અત્રેની કોર્ટમાં મુદત તારીખ ૩૦/૦૪/૨૦૧૩ ના રોજ સવારના ૧૧/૦૦ કલાકે જાતે અગરતો વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર રહીને રજુઆત કરી શકશે, અને જો તેમ કરવામાં કસુર થયેથી કોર્ટને યોગ્ય લાગે તેવો ન્યાયીક હુકમ કરશે તેનીનોંધ લેવી
તૈયાર કરનાર: વાય.સી.ધોળાભાઈ (સુપીશ્રી)
મુકાબલ કરનાર: વાય.પી.દેસાઈ આસીસ્ટસ્ટ
તારીખ: ૯.૧.૨૦૧૩
કોર્ટનો સિક્કો
હુકમથી, **સહી/-** (બી.ડી.પરમાર) રજીસ્ટારશ્રી ચીફ જ્યુડી.મેજી.કોર્ટ અમદાવાદ (ગ્રામ્ય) મીરજાપુર

**સુર્યકૃપા ફાયનાન્સ લિમિટેડ**
**રજી. ઓફિસ:-** મફતલાલ હાઉસ, પાંચમો માળ, એચ.ટી. પારેખ માર્ગ, બેકલે રિકલેમેશન, મુંબઈ-૪૦૦૦૨૦.
**નોટિસ**
**ઈક્વીટી શેરોનું સ્વૈચ્છિક ડીલીસ્ટીંગ:** આથી નોટિસ આપવામાં આવે છેકે સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના (ડીલીસ્ટીંગ ઓફ ઈક્વીટી શેર્સ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯ની કલમ (ક્લોઝ) ૬ અને ૭ તેમજ અન્ય લાગુ પડતી કલમના અન્વયે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરની તા.૦૬.૦૩.૨૦૧૩ના રોજ મળેલી તેની બેઠકમાં પસાર કરવામાં આવેલા ઠરાવના અનુસંધાને અમદાવાદ સ્ટોક એક્સચેન્જમાંથી તેના ઈક્વીટી શેરોના સ્વૈચ્છિક ડિલીસ્ટીંગ માટે અરજી કરવાની કંપનીએ પ્રક્રિયા હાથ ધરી છે.
**ડીલીસ્ટીંગની આવશ્યકતા અને હેતુ:** કંપનીના ઈક્વીટી શેરો અમદાવાદ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જોમાં લીસ્ટેડ છે. અને અમદાવાદ સ્ટોક એક્સચેન્જ(એ.એસ.ઈ.) માં તેનું ટ્રેડીંગ થતું નથી, તેથી ખર્ચ બચાવવા માટે કંપનીના ઈક્વીટી શેરોને એ.એસ.ઈ. માંથી ડીલીસ્ટ કરવાની જરૂરિયાત અંગે વિચારવામાં આવે છે. આ ડીલીસ્ટીંગ કોઈપણ રીતે શેર હોલ્ડરોને અસરકર્તા બનશે નહી, કારણકે શેર હોલ્ડરો તરીકે તેમને બોમ્બે સ્ટોક એક્સચેન્જ(બી.એસ.ઈ.) મારફતે કંપનીના શેરોમાં ટ્રેડીંગ કરવા માટે સુવિધા છે કે જેમાં રાષ્ટ્રવ્યાપી ટ્રેડીંગ ટર્મિનલ્સો છે.
**બી.એસ.ઈ. (સ્ક્રીપ્ટ કોડ: ૫૧૧૧૮૫, આઈએનઈ ૩૮૧એન૦૧૦૧૯) પર લીસ્ટીંગ ચાલુ રહેશે:** કંપનીના ઈક્વીટી શેરો એ.એસ.ઈ.માંથી ડીલીસ્ટીંગ થયા બાદ પણ બી.એસ.ઈ.માં લીસ્ટીંગ ચાલુ રહેશે.
કોમ્પલાયન્સ અધિકારીનું નામ:- શ્રી અશ્વિન થુમર બોર્ડના આદેશથી
**સુર્યકૃપા ફાયનાન્સ લિ.** વતી
સહી/-
(અશ્વિન થુમર) - ડાયરેક્ટર
**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૧૮.૦૩.૨૦૧૩**

**આદી રસાયણ લિમિટેડ**
**રજી. ઓફિસ:-** ૨૩, સર્વોપરી મોલ, ઉત્સવ પાર્ટી પ્લોટની સામે, સોલા રોડ, અમદાવાદ-૩૮૦૦૬૩.
**નોટિસ**
**ઈક્વીટી શેરોનું સ્વૈચ્છિક ડીલીસ્ટીંગ:** આથી નોટિસ આપવામાં આવે છેકે સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના (ડીલીસ્ટીંગ ઓફ ઈક્વીટી શેર્સ) રેગ્યુલેશન્સ, ૨૦૦૯ની કલમ (ક્લોઝ) ૬ અને ૭ તેમજ અન્ય લાગુ પડતી કલમના અન્વયે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટરની તા.૧૧.૦૩.૨૦૧૩ના રોજ મળેલી તેની બેઠકમાં પસાર કરવામાં આવેલા ઠરાવના અનુસંધાને અમદાવાદ સ્ટોક એક્સચેન્જમાંથી તેના ઈક્વીટી શેરોના સ્વૈચ્છિક ડિલીસ્ટીંગ માટે અરજી કરવાની કંપનીએ પ્રક્રિયા હાથ ધરી છે.
**ડીલીસ્ટીંગની આવશ્યકતા અને હેતુ:** કંપનીના ઈક્વીટી શેરો અમદાવાદ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જોમાં લીસ્ટેડ છે. અને અમદાવાદ સ્ટોક એક્સચેન્જ(એ.એસ.ઈ.) માં તેનું ટ્રેડીંગ થતું નથી, તેથી ખર્ચ બચાવવા માટે કંપનીના ઈક્વીટી શેરોને એ.એસ.ઈ. માંથી ડીલીસ્ટ કરવાની જરૂરિયાત અંગે વિચારવામાં આવે છે. આ ડીલીસ્ટીંગ કોઈપણ રીતે શેર હોલ્ડરોને અસરકર્તા બનશે નહી, કારણકે શેર હોલ્ડરો તરીકે તેમને બોમ્બે સ્ટોક એક્સચેન્જ(બી.એસ.ઈ.) મારફતે કંપનીના શેરોમાં ટ્રેડીંગ કરવા માટે સુવિધા છે કે જેમાં રાષ્ટ્રવ્યાપી ટ્રેડીંગ ટર્મિનલ્સો છે.
**બી.એસ.ઈ. (સ્ક્રીપ્ટ કોડ: ૫૩૧૫૯૨, આઈએનઈ ૮૬૧એન૦૧૦૧૦) પર લીસ્ટીંગ ચાલુ રહેશે:** કંપનીના ઈક્વીટી શેરો એ.એસ.ઈ.માંથી ડીલીસ્ટીંગ થયા બાદ પણ બી.એસ.ઈ.માં લીસ્ટીંગ ચાલુ રહેશે.
કોમ્પલાયન્સ અધિકારીનું નામ:- શ્રી આશિષ પંડારે બોર્ડના આદેશથી
**આદી રસાયણ લિ.** વતી
સહી/-
(આશિષ પંડારે) ડાયરેક્ટર
**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૧૮.૦૩.૨૦૧૩**